<u>ખેડૂતો શા માટે આ એપ્લિકેશનનો નિયમિત ઉપયોગ કરે છે, તેના કારણો</u>

આજ સુધી સરકાર ખેડૂતો સુધી પોતાની વાત કે યોજનાઓની માહિતી પહોંચાડવા સમાચાર પત્રો, રેડીયો, ટેલિવિઝન, પોસ્ટર જેવા માધ્યમોનો ઉપયોગ કરતી આવી છે જેમાં ચોક્કસપણે નથી કહી શકાતું કે આ માહિતી દરેક ખેડૂત સુધી પહોંચી રહી છે કે કેમ. પરંતુ આ એપના વપરાશકર્તા ખેડૂતો જ હોવાથી દરેક માહિતી સચોટ રીતે નિર્ધારિત ખેડૂતો સુધી પહોંચી શકશે અને ખેડૂતોને સરકારની દરેક યોજનાઓ તેમ જ સમાચાર થી ત્વરિતપણે માહિતગાર તેમજ લાભાન્વિત થાય છે.

1. ખેડૂતો પાક લણ્યા પછી તેનું યોગ્ય મૂલ્ય મળે તે માટે પ્રયત્નશીલ હોય છે. દરેક માર્કેટિંગ યાર્ડ માં અલગ અલગ ભાવે હરાજી થતી હોય છે. જેથી ગુજરાતના ૩૦૦ થી વધુ માર્કેટિંગ યાર્ડ માં ક્યાં કેટલો ભાવ મળી રહેશે તેની રોજેરોજની માહિતી મેળવવી એક સામાન્ય ખેડૂત માટે અઘરી બની જાય છે. સરવાળે ખેડૂત નજીકના માર્કેટિંગ યાર્ડમાં જે ભાવ મળે ત્યાં પાક વેચી દેવા મજબૂર બને છે અને ઘણીવાર તેમને પાકનું સાચું મૂલ્ય નથી મળી શકતું. આ સમસ્યાનું નિવારણ લાવવા અમે દૈનિક માર્કેટિંગ યાર્ડના ભાવો જાણી શકાય તેવી સુવિધા ખેડૂતને આંગળીના ટેરવે આપીયે છીએ. **ખેડૂત તેમનો પાક જણાવે એટલે તરત જ તાજેતરનો સૌથી વધુ ભાવ જે માર્કેટિંગ યાર્ડમાં છે તેનાથી માંડીને ઉતારતા ક્રમમાં માર્કેટિંગ યાર્ડનું નામ અને ભાવનું લિસ્ટ બતાશે જેથી ખેડૂત નક્કી કરી શકશે કે તેને પાક વેચવા ક્યાં જવું. સરવાળે ખેડૂત નજીકના માર્કેટિંગ યાર્ડમાં જે ભાવ મળે ત્યાં પાક વેચી દેવા મજબૂર બનતો નથી અને ખેડૂતને પાકનું સાચું મૂલ્ય મળી રહે છે.**
2. આજના વિજ્ઞાન અને ટેક્નોલાજીના યુગ માં રોજ કૈક ને કૈક નવા શોધ શંશોધનોને આધારે નવી પદ્ધતિ, સુવિધાઓ તેમજ ગુણધર્મો ધરાવતા ઉત્પાદનો બજારમાં આવે છે અને આ પૈકી

કૃષિને ઉપયોગી થાય તેવા પણ ઘણા ઉત્પાદનો પણ જોવા મળે છે. આ બધા જ ઉત્પાદનો એક યા બીજી રીતે ખેડૂતને વધતા ઓછા અંશે ઉપયોગી થઇ શકતા હોય છે. પરંતુ પૂરતી સમજણ અને સજાગતા ના અભાવે ખેડૂતો આ ઉત્પાદનોનો લાભ નથી લઇ શકતા. અમુક કિસ્સાઓમાં ઉત્પાદનો ખેડૂતની નજર સામે હોવા છતાં તેઓ તેની ઉપયોગીતા અને વપરાશની પદ્ધતિની સમજણના અભાવે તેમાંથી પૂરતો લાભ નથી લઇ શકતા. આ બાબત ધ્યાનમાં લઈને અમે સરકારી તેમજ ખાનગી એકમો દ્વારા ઉત્પાદિત ઉત્પાદનો ની માહિતી આ વિભાગમાં મુકેલ છે જેમાં ઉત્પાદન અને તેમાં વપરાયેલ સામગ્રીઓ, તેની ઉપયોગીતા, વપરાશની રીત, વપરાશનો જથ્થો બધી જ બાબતો સરળ ભાષામાં આવરી લેવામાં આવી છે.

3. ખેડૂતોને બિયારણ, ખેતીના પોષણ, ખેતીને લગતી સમસ્યાઓના નિવારણ તેમજ દરેક ખેતી આધારિત મુદ્દાઓને સ્પર્શતી માહિતી આંગળીના ટેરવે મળે છે. જેથી કરીને ખેડૂતો વધુ આત્મવિશ્વાસ મળે છે અને સરવાળે પાકમાં વૃદ્ધિ થાય છે

4. સમસ્યાના નિવારણ હેતુખેડૂતોને તેમના જિલ્લા, તાલુકા અને ગામમાં આવેલી સરકારી કચેરીઓ તથા અધિકારીઓ નામ સરનામાં, કોન્ટેક્ટ નંબર અને તેમનું કાર્ય સમજાવતી માહિતી આપવામાં આવે છે જેથી તેઓઆ સરકારી કચેરીઓ તેમજ અધિકારીઓ જોડે સાનુકૂળ રીતે સંપર્કમાં રહી શકેછે

5. ખેડૂતોને ઉપયોગી જ્ઞાનવર્ધક લેખો તેમજ સંશોધનોની માહિતી પણ અહીં રોજે રોજ ઉપલબ્ધ થાય છે જે ખેડૂતોને ખેતી કરવામાં ખુબજ મદદરૂપ બને છે

6. વરસાદની અનિયમિતતા એ ખેડૂતને સૌથી વધુ પજવતી મુશ્કેલી છે. કુદરત સામે લડી તો ના શકાય પરંતુ તેને અનુકૂળ થઈને લીધેલા નિર્ણયો ચોક્કસપણે ફાયદાકારક સાબિત થઇ શકે છે. આ બાબતને ધ્યાનમાં રાખીને અમે હવામાનની આગાહી તેમજ સમાચારોની સુવિધાઆપેલ

છે જેથી કરીને ખેડૂતો તેમના ખેતી વિષયક નિર્ણયોમાં આ માહિતી પણ ઉપયોગમાં લઈને થતું નુકસાન વધતા ઓછા અંશે અટકાવી શકે છે.

7. ખેડૂતોને માર્કેટિંગ યાર્ડમાં થતા છેલ્લા 15 દિવસના ભાવ વધઘટ સાથે તેનો ગ્રાફ પણ બતાવામાં આવે છે જેથી ખેડૂત ને સરળતા રહે કે તૈયાર થયેલ પાક ને લણી લેવો કે રહેવા દેવો. જેથી ખેડૂત ને પાક ઓછા ભાવે વેચવા કે નુકસાની સહન કરવા મજબુર થવું પડતું નથી

8. આ બધીજ ખેડૂતલક્ષી ઉપયોગિતાઓનો લાભ અત્યારે 50000થી વધુ ખેડૂતો લઈને તેના અન્ય ખેડૂત મિત્રોને પણ લાભ અપાવે છે જે સાબિત કરે છે કે એપ્લિકેશનમાં ખેડૂતો માટે સૂક્ષ્મથી સૂક્ષ્મ જરૂરિયાતો ને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવેલ છે

9. અગત્યની સુવિધા મોબાઈલ દ્વારા ખરીદ વેચાણથી ખેડૂતો પોતાની અનુકૂળતા મુજબ દર્શાવેલ વસ્તુનું ખરીદી કે વેચાણ કરીને પોતાના કિંમતી સમયનો બચાવ કરીને ખેતી પ્રત્યે સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરી ને વધુમાં વધુ પાકનું ઉત્પાદન કરી શકે છે ખેડૂતોને સીધા ખરીદી વેચાણનો લાભ મળતો હોવાથી વચેટિયાઓના ત્રાસથી બચી શકાય છે

ખરીદ - વેચાણમાં ખેડુતને તથા ફાયદાઓ

1. ખેડૂતોએ તૈયાર કરેલ પાકનું વેચાણ પોતાના ધાર્યા પ્રમાણેની કિંમતે મૂકીને વેચી શકે છે. તેનાથી તેની મહેનતનું યોગ્ય વળતર મળી રહે છે.
2. ખેડુતોને પોતાના આયોજન મુજબના બીજ-બિયારણ કે રોપાઓનું યોગ્ય સમયે ખરીદી કરીને યોગ્ય પાકને લણી શકે છે.
3. ખેડૂતને પોતાના ખેતીને લગતા જુના ઓજારો કે મશીનરીનું વેચાણ માયાદિત વિસ્તાર પૂરતાના રહેતા રાજય લેવલે પ્લેટફોર્મ મળી રહે છે. જેથી સીધા સંપર્ક દ્વારા સોદો થાય છે.
4. ખેડુતોને પોતાની જમીન તથા વાવેલ પાક અનુસાર અગાવથી જરૂરિયાત મુજબની જતુંનાશક દવાઓ યોગ્ય કિંમતે ખરીદીને પાક નુકશાનીથી બચી શકે છે.
5. ખેડૂતને એની જરૂરિયાતોના પાકને યોગ્ય ખાતર ખરીદીને યોગ્ય સમયે રાજય લેવલે પ્લેટફોર્મ મળતા પાકની યોગ્ય જાણવણી કરી સારો પાક મળી રહે છે.

ખરીદ વેચાણ માં ડીલરોને થતા ફાયદા

1. ડીલરો પોતાની જતુંનાશક દવાઓ પાક અનુસાર પોતાના વિસ્ત્તાર પૂરતા ના રહેતા તેમજ જિલ્લામાં યોગ્ય કિંમતે ખેડૂતને વેચી શકે છે.જેથી તેમના વેપાર માં વધારો થાય છે.
2. ડીલરો અને પોતાની પાસે પડેલ ખાતરોનો યોગ્ય સમયે અને યોગ્યે કિંમતે પોતાના વિસ્તાર તેમજ જિલ્લામાં કે રાજ્યે કક્ષાએ ખાતરોનું નિકાલ કરી શકે છે.જેથી તેમના વેપારમાં વધારો થાય છે.
3. જંતુનાશક દવાઓ, ખાતર, બીજ બિયારણ વગેરે વેંચતા કે ખરીદતા ડીલરોને ખેડૂતોએ મુકેલ યાદી એપ્લિકેશનમાં બતાય છે જેથી તુરંત ધાર્યા પ્રમાણે માલનું વેચાણ કે ખરીદી કરીને વધુ કમાઈ શકે છે.

જાહેરાત આપતા વેપારીઓ
તથા ઉદ્યોગગૃહો ને થતા ફાયદા

1. આ એપ્લીકશન માં તમારા બિઝનેસ/ ઓફીસ/ દુકાન/ વ્યવસાયને લગતી જાહેરાત આપવાથી આ એપ માં રજિસ્ટર્ડ થયેલ ૪૫૦૦૦ ખેડૂતો, ગામડાઓના લોકો, માર્કેટિંગ યાર્ડ ના વેપારીઓ, ડીલરો તથા સરકારી કર્મચારીઓ દ્વારા નિયમિતપણે એપ્લિકેશનનો ઉપયોગ થતો હોવાથી સીધા તમારા સંપર્કમાં આવીને આપના માલનું વેચાણ વધારે છે.
2. અત્યારના સમયે એક સાથે એટલો મોટો વેપાર માટેનું પ્લેટફોર્મ કોઈપણ કંપની દ્વારા આપવામાં આવતું નથી. તેથી જ આનો ઉપયોગ નિયમિતપણે કરવામાં આવે છે જેથી જાહેરાત આપના વેપારી તથા ઉદ્યોગગૃહોને મહતમ લાભ મળે છે.
3. જે તમે ન્યુઝપેપર, ન્યુઝ ચેનલ કે અન્ય કોઈ માધ્યમ દ્વારા તમારા બીઝનેસ/ ઓફીસ/ દુકાન/ વ્યવસાયનો પ્રચાર કરવાથી શહેરના લોકો જ પુરતો સીમિત રહી શકે. જયારે આ એપ્લીકેશનમાં જાહેરાત આપવાથી તમારા બીઝનેસ/ ઓફીસ/ દુકાન/ વ્યવસાય ગામડાઓમાં વિકસે છે. જે ધંધામાં ફાયદાકારક છે.
4. જ્યારે પણ કોઈ પણ વ્યક્તિ જાહેરાત કરે છે અને તે સમયે જાહેરાત પર ક્લિક કરો ત્યારે અમે જાહેરાતકર્તાના ગ્રાહકને સંપર્કની વિગતો સાથે સંપર્ક કરીને જાણ કરી રહ્યા છીએ કે કઇ વ્યક્તિ જાહેરાત જોઇ છે, જેથી ક્લાઈન્ટ ખુલાસો કરી શકે છે અને બિઝનેસનો લાભ/વૃદ્ધિ મેળવી શકે છે.
5. જાહેરખબરના ક્લાયન્ટને ચાર પ્રકારના જુદા જુદા વિકલ્પો પ્રદાન કરી રહ્યા છીએ જે જાહેરાત પર ક્લિક કર્યા પછી, જે વ્યક્તિએ જાહેરાત જોઇ હોય, વેબસાઈટ દ્વારા અથવા ચોક્કસ નંબર પર ફોન કરીને અથવા ક્લાયન્ટના ઈમેઈલ સરનામે વિગત મોકલી આપવામાં આવે છે. ઉપરની બે સુવિધાઓ સાથે, જાહેરાત માટે મુલાકાતીઓનો માસિક સારાંશ પણ આપવામાં આવે છે

6. તમે જાણતા જ હશો કે આજના સમય માં ન્યૂઝપેપર વાંચવાનો સમય હવે રહેતો નથી હોતો લોકો મોબાઈલમાં જ ન્યૂઝ ને લગતી એપ્લીકશન ડાઉનલોડ કરી આજના ડીજીટલ યુગમાં લોકો માહિતી મેળવી લેતા હોઈ છે. જે તમેં આપેલ જરૂરી માહિતી ઘણા લોકો સુધી પહોંચતી નથી હોતી. પરતું આ એપ્લીકશન દ્વારા ચોક્કસ ધાર્યા અનુસારના ગ્રાહકો પાસે જ જાહેરાતની માહિતી જતી હોવાથી ધંધાનો વ્યાપ ચોક્કસ વધે છે

7. ન્યૂઝ પેપરમાં આપેલ માહિતી સીમિત રહે છે. તમે બીજી વધારાની માહિતી આપો તો ભાવમાં ફેર પડતો હોઈ છે. જયારે આ એપ્લિકેશનમાં તમે તમારી ઉપયોગી બધી જ માહિતી ડિસ્પ્લે કરાવી શકો છો અને ફેરફાર કરાવી શકો છો જેનો અલગથી વધારાનો કોઈ ચાર્જ લેવામાં આવતો નથી.

8. જયારે તમારી બિઝનેસ/ ઓફીસ/ દુકાન/ વ્યવ્સાયની ઉપયોગી માહિતી ટીવી દ્વારા પ્રસારિત થતી હોઈ છે ત્યારે આજના કામના સમયમાં વ્યક્તિ ટીવીમાં જોવાનું ચુકી જતા હોય છે અથવા ટીવીમાં કોઈ બીજા શૉ ચાલતા હોઈ છે. જયારે મોબાઈલ આજના યુગમાં દરેક વ્યક્તિ પાસે હોવાથી તમારી આપેલ ઉપયોગી માહિતીનો અભ્યાસ કરે છે અને તેમના સુધી પહોંચવાથી બીજા અન્ય લોકોને શેર પણ કરી શકે છે જેમ કે ફેસબુક, વૉટ્સએપ્પ મારફતે તમારી પ્રોડકટનો પ્રચાર ચોક્કસ થાય છે.

9. અન્ય ન્યૂઝપેપર કે મીડિયા પબ્લિકેશનમાં અપાતી રાજ્ય કક્ષાએ આપેલ જાહેરાતનો ખર્ચે મર્યાદિત સાઈઝમાં ૧૦ સેમી. ૩ કોલમ મિનિમમ રૂપિયા ૯૦૦૦૦ સુધી દૈનિક આવતો હોય છે. જયારે આમાં માત્ર રૂપિયા ૨૪૦ના દૈનિક ચાર્જ થી જાહેરાત આપી શકો છો. તમારા ધંધા ને ઉપયોગી હોઈ કે ના હોઈ તેવી તમામ વ્યક્તિઓ માટે તે જાહેરાત આવે છે અને તમારા ધંધાને ઉપયોગી વ્યક્તિ જોશે કે નહિ જોવે તેની ખાતરી નથી. જયારે આ એપ્લિકેશન ના ઉપયોગ કરતી વ્યક્તિઓ ગ્રામ્ય વિસ્તારના રહેવાસી કે ખેડૂતો જ છે. જેથી તમે તે વર્ગને ટાર્ગેટ કરી શકો છો. અને યોગ્ય વ્યક્તિને જ તમારી જાહેરાત જોવા મળશે તેની ખાતરી મેળવી શકો છો.

Advertisement Sample & it's Size

300 Pixel

61 Pixel

300 Pixel

61 Pixel

61 Pixel

300 Pixel

Advertisement File Format should be in JPG